# રામ નામ ઘટઘટમાં બોલે

ભારતીય જનમાનસ પર રામની છબી પ્રતિષ્ઠિત છે તે ભારતની ઘણી સદીઓની દેન છે. આપણે જેમને એક આદર્શ પુત્રના રૂપમાં, આદર્શ સ્વામીના રૂપમાં, આદર્શ મિત્રના રૂપમાં અને આદર્શ રાજાના રૂપમાં પણ સદીઓથી નિહાળતા રહ્યા છીએ તેવા આ મર્યાદા પુરુષોત્તમના અવતારને વધાવવા રામનવમી (આ વર્ષે ૨૪ માર્ચ) ઉજવણીએ છીએ.

પિતાની આજ્ઞા પર રાજ્યાધિકાર છોડી દેતા પુત્ર, ભરત અને લક્ષ્મણ જેવા બંધુઓ માટે અપાર પ્રેમ રાખનાર ભાઈ, સુગ્રીવ સાથે મિત્રતા નીભાવનાર પરમ મિત્ર, હનુમાન જેવા સેવકનો જીવનભર અહેસાન માનનાર સ્વામીનું ઉદાહરણ આપીને સદીઓથી આ સમાજ ગૌરવ લે છે.

'રામરાજ્ય' શબ્દ તો આદર્શ રાજ્યનો પર્યાય જ બની ગયો છે. રામના આ અમર પાત્રની પ્રતિષ્ઠાનું સર્વાધિક શ્રેય તો આદિકવિ વાલ્મિકિને આપી શકાય. જેમણે આદિકાવ્ય રામાયણ લખીને વિશ્વમાં રામના પાત્રને અમર કરી દીધું, પણ આપણી લોકભાષાઓના કવિઓએ તો રામચરિત્ર પોતાના ધાર્મિક કાવ્યોમાં ચિત્રીત કર્યું, જેના કારણે તો રામ બ્રહ્મના, ઈશ્વરના, પરમાત્માના પર્યાય બની ગયા.

રામાનન્દાચાર્ય જેવા ભક્તિમાર્ગના મૂર્ધન્ય આચાર્યોએ રામચરિત્ર અને રામોપાસનાની ભાગિરથી વહાવી, એમાં નહાઈને તુલસી જેવા મહાકવિઓએ રામચરિતમાનસ જેવા ગ્રંથોમાં રામની ગાથા ગાઈ. જેના ફળસ્વરૂપ ગામ ગામમાં, ઘર ઘરમાં, હૃદય હૃદયમાં રામ પરમાત્મા રૂપે પ્રતિષ્ઠિત થઈ ગયા. ભારતીય લોકભાષાઓએ રામને ન જાણે ક્યારથી 'આત્મા'ના પર્યાયરૂપે ઉદ્ધત કરવાની શરૂઆત કરી દીધી તે બહુ ઓછા લોકો જાણે છે.

આજે પણ ગામડાંનો માણસ જ્યારે એમ કહે છે, 'આપણાં રામને તો મંજૂર નથી' કે 'મારો રામધરમ નથી માનતો' અથવા 'તમારો રામ જ મરી ગયો છે શું?' તો એનો આશય હોય છે 'મારો આત્મા નથી માનતો', 'તમારો આત્મા જ શું મરી ગયો છે?' વધુ સ્પષ્ટતાથી આપણે ત્યારે આ વાત સમજી શકીએ છીએ જ્યારે 'તારી મારી રામકહાણી' કે 'રૂપિયાની રામકહાણી' જેવા શબ્દોનો અર્થ સમજાવતાં જણાવવું પડે છે કે રામકહાણી કે રામકથાનો અર્થ અહીં આત્મકથા કે આત્મકહાણી થાય છે. મતલબ કે અહીં રામ આત્માનો પર્યાય બનીને બેસે છે.



એક અમંગળ પ્રસંગે એક આધુનિક યુવાને એક પ્રશ્ન કર્યો હતો જે ટાંકવા જેવો છે. એક મોટા નેતાનું નિધન થયું હતું ત્યારે પેલા યુવકે ત્યાં ઉપસ્થિત વિદ્વાનોને પ્રશ્ન કર્યો કે શબયાત્રામાં લોકો 'રામનામ સત્ય હૈ' એમ કેમ બોલે છે? એનો શો અર્થ છે? કૃષ્ણ ભક્ત હોય કે શિવભક્ત સૌ એમનું નામ કેમ નથી બોલતા? જેનો ઉત્તર તત્કાળ કોઈ આપી શક્યું ન હતું. એ યુવકને કોણ સમજાવે કે આ તો એ તથ્ય સ્પષ્ટ કરે છે કે આપણાં સંતોએ રામને આત્માના પર્યાય બનાવી દીધા છે. એટલે આવા સૂત્રોચ્ચાર કરવા લોકો વિવશ બન્યા છે. આત્મા જ એકમાત્ર સત્ય છે, રામ જ સત્ય છે એટલે કે આત્મા અમર છે અને આ શરીર નશ્વર, મિથ્યા છે.

રામના નામને આ પ્રકારે ભારતીય જનમાનસમાં ઉંડે સુધી બેસાડી દેવાનો આ ચમત્કાર સદીઓથી ચાલ્યા આવતા આપણી લોકભાષાઓના સાહિત્યે કર્યો છે. આપણે વાલ્મીકિને કદાચ ભૂલી જઈએ, તુલસીકૃત રામાયણને નથી ભૂલતા. રામચરિત માનસ સદીઓથી રામાયણ બનેલ છે. તુલસીકૃત રામાયણ, લોકભાષા સાહિત્ય દ્વારા આપવામાં આવેલી આ રામ દુહાઈ, રામકથાની પરંપરા, રામલીલાની ગામેગામ લોકપ્રિયતા અને રામચરિત્રની જનમાનસમાં પ્રતિષ્ઠાના મૂળમાં રહેલી આપણી પરંપરા એક ઈતિહાસ બની ગઈ છે. જેના પ્રમાણ, સ્વરૂપ આજે પ્રત્યેક શહેરમાં રામના મંદિર પણ જોવા મળે છે. રામની પૂજાની વિભિન્ન પદ્ધતિઓ અને પરંપરાઓ પણ વિકસી છે. શ્રી રામ મહાયજ્ઞ જેવા યજ્ઞો પણ આયોજિત થાય છે.

રામાયણ કથાના નામે સાત દિવસની સપ્તાહ, નવ દિવસનો નવાહ તેમ જ તેના કરતાં વધારે દિવસનું પારાયણ, કથા વાંચન, સત્સંગ વગેરે પ્રચલિત થઈ ગયા છે. વેદકાળની યજ્ઞ પરંપરાના ઉત્સવ ભલે ઈન્દ્ર, વરુણ, રુદ્ર, પ્રજાપતિ જેવાના નામથી શરૂ થતા હોય, અત્યારે ચંડી કે શ્રીરામની પ્રથા ભલે ન રહી હોય, પરંતુ આપણાં કર્મકાંડીઓએ સદીઓથી શતચંડી મહાયજ્ઞો અને શ્રીરામ મહાયજ્ઞોની એવી ધૂમ મચાવી છે કે અનેક સ્થાનો પર આવા યજ્ઞોનું આયોજન ઉત્સાહભેર થતું જોવા મળે છે.

તુલસીદાસે કહ્યું છે 'રામ સે બડા રામ કા નામ હૈ' (રામ બ્રહ્મ તૈ નામ બડા) રામનામના લક્ષાધિક, કોટી કોટી જપ કરી એ મંત્રની પ્રતિષ્ઠા કરવાની પરંપરા જોવા મળે છે. બીજું તો ઠીક, નામના જાપ કે નામની ધ્વનિ સંસ્કૃતમાં 'નામધ્વનિ' કહેવામાં આવે છે તે હિન્દીમાં નામધૂન તો બની જ, પરંતુ હવે તે 'રામધૂન' થઈ ગઈ છે. નામ ધ્વનિને હવે આપણે 'રામધૂન'ના નામથી ઓળખીએ છીએ. ગુરુ 'નામ'ની દીક્ષા આપતા રહ્યા છે, પછી તે નામ વિષ્ણુનું હોય, શિવનું હોય, શ્રીકૃષ્ણનું હોય, ગિરધર ગોપાલનું હોય કે સાંવરિયાનું હોય. મીરાંને ગુરુએ ગિરધર ગોપાલ કે સાંવરિયાના નામની દિક્ષા આપી હશે. એ કહે છે - 'વસ્તુ અમોલક દી મેરે સતગુરુ, કિરપા કર અપનાયો...' આ અમોલક વસ્તુ છે નામનો મંત્ર, નામનું રત્ન, નામ રતન ધન પરંતુ તે નામ રતન 'રામરતન'ના રૂપે ઘેર ઘેર પ્રચલિત થઈ ગયું - 'પાયો જી મૈને રામ રતન ધન પાયો...'

આ છે રામનો જાદુ જે માથે ચઢીને બોલે છે. આજે જો કોઈ મીરાના ભજનનું 'નામ રતન ધન પાયો...' શુદ્ધ રૂપ બતાવે તો તેને લોકો પાગલ જ ગણશે. 'રામ' આત્માના જ નહીં, મંત્રના, જપના, નામના પર્યાય થઈ ગયા છે.

રામ અને રામભક્ત હનુમાન બન્નેની ઉપાસના, બન્નેના મંદિર લોકોની શ્રદ્ધાના કેન્દ્ર બન્યાં છે. સ્વામી ભક્તિના અમર પ્રતીક હનુમાન પણ આદિ કવિ વાલ્મીકિની દેન છે. એમના આદિકાવ્ય રામાયણમાં જે મનમોહક શૈલીના જાદુમાં લપેટી રામના આ દૂત, ભક્ત અને સેવકનું ચરિત્ર ઉજાગર કર્યું એણે આ દેશ સંમોહિત કરી નાંખ્યો. આજે હનુમાન અમર છે. અશ્વત્થામા, બલિ, વ્યાસ, પરશુરામ જેવા ચિરંજીવી મહાપુરુષોમાં એમની ગણના થાય છે. રામકથાની સંજીવનીનો આ મહિમા ભારતીય સંસ્કૃતિની વીરપૂજાની પરંપરાનું એક પ્રમાણ છે.

